ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 06th January, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................,
ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા**
**૩૭માં નેશનલ યુથ દિવસ અંતર્ગત 'રાષ્ટ્ર નિર્માણ માટે યુવા શક્તિ' વિષય પર ચિત્ર અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન.**

વિજ્ઞાન એ સમસ્યાનું સમાધાન છે. એ વિચારને પૌરાણિક કાળથી અનુસરવામાં આવ્યો છે. સમય સાથે લોકો આ વાત સમજી શકે એટલે કોઈ ને કોઈ રીતે તેને ધર્મ સાથે સાંકળી લેવાયો છે. પરંતુ ધર્મનાં નામથી અંધશ્રદ્ધાનો વિકાર વધી જતા શિક્ષિત વર્ગના લોકો પણ ગેરમાર્ગે જઈ રહ્યા છે. સમાજમાં વિજ્ઞાન વિષયની જાગૃતિ લાવવા ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

આધુનિક ભારતમાં હિંદુ ધર્મ, વેદાંત અને યોગને વિશ્વ કક્ષાએ સ્થાન અપાવનાર શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ એટલે કે ૧૨ જાન્યુઆરી, જેને 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વભરમાં સ્વામી વિવેકાનંદ વિલક્ષણ સ્મરણ શક્તિ ધરાવતા લોકોમાંના એક પ્રતિભાશાળી વ્યક્તિ હતા. શ્રી સ્વામી વિવેકાનંદજીએ "ઉઠો, જગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો." સૂત્ર આપીને યુવાન લોકોને સતત કાર્યશીલ રહેવા અને કોઈ પણ સંજોગોમાં ધ્યેયને વળગી રહેવાનો સંદેશ આપ્યો હતો. લોકો સુધી એમના વિચારો પહોચાડી લોક જાગૃતિ હેતુ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી 'રાષ્ટ્ર નિર્માણ માટે યુવા શક્તિ' વિષય આધારિત કરવામાં આવી રહી છે.

૩૭માં નેશનલ યુથ દિવસ અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૦૭-૦૧-૨૦૨૧ થી ૧૫-૦૧-૨૦૨૧ દરમિયાન 'રાષ્ટ્ર નિર્માણ માટે યુવા શક્તિ' વિષય પર A- ૩ થી ૧૩ વર્ષ, B- ૧૪ થી ૨૪ વર્ષ અને C- ૨૪ થી વધારે વાય મર્યાદામાં કુલ ત્રણ વિભાગમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ભાગ લેનાર વ્યક્તિએ પોતાના ઘરે જ A4 Sizeમાં ચિત્ર દોરી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/૪-અ, પંજાબ નેશનલ બેંક વાળો ખાંચો, હિલડ્રાઈવ, સંસ્કાર મંડળ, ભાવનગર ખાતે રૂબરૂ જમા કરવાનું રહેશે. ચિત્ર પર ભાગ લેનારનું નામ, ફોન નંબર, વર્ષ વિભાગ વગેરે દર્શાવાનું રહેશે.

ઉપરાંત 'રાષ્ટ્ર નિર્માણ માટે યુવા શક્તિ' વિષય આધારિત ઓનલાઇન ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર આધારિત પ્રશ્નો ઓનલાઇન ક્વિઝમાં પૂછવામાં આવશે.

ઓનલાઈન Quiz અને ચિત્ર સ્પર્ધા વિશેના તમામ નિયમો સાથેની માહિતી www.krcscbhavnagar.org / upcoming events પર આપવામાં આવેલ છે. બંને સ્પર્ધામાં વિજેતાઓને રોકડ રકમ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવશે. દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર (હાર્ડ / સોફ્ટ કોપીમાં) આપવામાં આવશે.

06/01/2021
12:40pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

Server\D:\2020-21\All Letter and Press Note 2020-21\KRCSC Full Letter 2020-21
follow us on YouTube KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar